
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૬ ટકા







## નવરાત્રીમાં વિવિધતાના દર્શન

નવરાત્રી પર્વની ગાંધીનગરમાં ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ છે. પાર્ટી પ્લોટ અને શેરી ગરબાઓમાં પણ યુવાધન સહિત સૌ કોઈ મન મુકીને ગરબે ગુમ્યા છે. દરમિયાન નવરાત્રી પર્વની આઠમ અને નોમ તિથિએ શહેર તથા આજુબાજુ વિસ્તારમાં ટ્રેડીશનલ, વેશભૂષા અને રૂઢીગત રિવાજોના વિવિધતાના દર્શન થયા છે. જેમાં કુડાસણમાં આવેલ સમર્પણ હાઈટ ફલેટના ભુલકાઓ જુદા જુદા વેશ ધારણ કરી ગરબે ઘુમ્યા હતા જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા તો સૌરભ સોસાયટી સેકટર-૨૩માં તમામને ટ્રેડીશનલ પહેરવેશમાં ગરબો ઘુમવાનું જણાવતા બાળકો, મહિલાઓ, કિશોરીઓ તેમજ સીનીયર સીટીઝન્સો પણ ટ્રેડીશનલ પહેરવેશમાં ગરબે ઘુમી આનંદ માણ્યો હતો. શહેરને અડીને આવેલા કોલવડામાં આઠમના દિવસે પરંપરા અનુસાર લાલઘર માતાજીનો અગ્નિ ભરેલો ગરબો જેને ગ્રામજનો સગડી કહે છે તે લઈને ગરબે ઘુમે છે અને આ સગડી ફોડવામાં આવે છે. જે સગડીના ઠીકરા (પ્રસાદ) ગણીને લેવા રીતસર પડાપડી થતી હોય છે જેમાં પણ લોકોની આસ્થાના દર્શન થતા હોય છે. આમ નવરાત્રીના આ પર્વમાં શ્રધ્ધાળુઓ દ્વારા અનેક પ્રકારે માતાજીને પ્રસન્ન કરતા જોવા મળ્યા હતા.

## સે-૨૩ ચીપ ટાઈપ શોપીંગ સામે હીટ એન્ડ રન

**બાઈક લઈને જતાં પ્રૌઢને ટક્કર મારી કાર ચાલક મહિલા રફફુચક્કર : પ્રૌઢનું ઘટના સ્થળે મૃત્યુ**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ચીપ ટાઈપ શોપીંગ સામે આજે સવારના અરસામાં હીટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. જેમાં એક પ્રૌઢનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ અકસ્માત સર્જીને કાર સાથે મહિલા ડ્રાઈવર રફફુચક્કર થઈ ગઈ હતી. સે-૨૧ પોલિસે પ્રૌઢનો મૃતદેહ પી.એમ. કરાવી અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેના સુધી પહોંચવા સીસીટીવી ફુટેજની ચકાસણી શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સહયોગ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૭ વર્ષીય હિંમતભાઈ મોહનભાઈ પરમાર આજે સવારે સાતેક વાગ્યાના અરસામાં સે-૨૩ કડી સ્કુલથી સે-૨૮ આરાધના સ્કુલ તરફ પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન સે-૨૩ ચીપ ટાઈપ શોપીંગ નજીક તેમના બાઈકને બેફામ જતી અજાણી કારે ટકકર મારતા હિંમતભાઈનું ઘટના સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. તો બીજી તરફ કાર ચાલક કાર સાથે ફરાર થઈ ગયા હતા. સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ જી.બી. વાઘેલાએ મૃતકના દિકરા ધર્મેશની ફરિયાદ આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી હતી. નજરે જોનાર સાક્ષીએ પોલીસને આપેલા નિવેદન મુજબ સફેદ કલરની ગાડીએ ટકકર મારી હતી અને ગાડીમાં મહિલા ડ્રાઈવીંગ સીટ પર બેઠેલી હતી. પોલીસો આસપાસના સીસીટીવી ફુટેજ મેળવી તપાસ શરુ કરી છે.

## શહેર વસાહત મહાસંઘ દ્વારા પહેલીએ ચિંતન સભા

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા નગરના પ્રશ્નો સમસ્યાઓ અને ઉકેલ અંગે વિચાર વિમર્શ કરવા માટે ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨જી ઓકટોબરે બપોરે સાડા ત્રણ કલાકે જુના સચિવાલય (કન્ટીન) ઉપહાર ગૃહમાં બેઠકનું આયોજન કરાયેલ છે.

સમારંભના અધ્યક્ષદે મુકેશભાઈ પટેલ-તંત્રી ગાંધીનગર મેટ્રો ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ પદે કલકેટર સતીષભાઈ પટેલ, કમિશનર ગાંધીનગર મહાનગરપાલિકા ડી.એન. મોદી હાજર રહેશે.

ખાસ આમંત્રિત મહેમાન પદે કૃષ્ણકાન્ત જહા-તંત્રીશ્રી ગાંધીનગર સમાચાર, મહેન્દ્રભાઈ ભાવસાર-ડીસ્ટ્રીકટ રોટરી કલબ તથા વિષ્ણુભાઈ પટેલ-ગુજરાત કર્મચારી સંકલન સમિતિ ઉપસ્થિત રહેશે તેમ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, મહામંત્રી પોપટલાલ પ્રજાપતિએ જણાવેલ છે.

# એક સમયે ખાદી પર નેશન હતું, આજે ખાદી પર ફેશન છે : ભૂપેન્દ્રસિંહ

**ગાંધીનગરના ખાદીગ્રામોદ્યોગ ભવન ખાતે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારીઓએ ખાદીના વસ્ત્રોની ખરીદી કરી**

ગાંધીનગર, તા.૨૯

ખાદી સપ્તાહની ઉજવણી અંતર્ગત આજરોજ શિક્ષણ રાજય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલા ખાદી ગ્રામોધોગ ભવન ખાતેથી ખાદીના વસ્ત્રોની ખરીદી કરી હતી. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દુકાનના સેલ્સ મેન પાસેથી ખાદીના વિવિધ કપડાઓ અંગેની માહિતી મેળવી હતી.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ખાદી એક કપડું નથી, પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દેશની આઝાદીના પ્રતિક અને વિચાર તરીકે દેશને આપ્યું હતું. ગુલામીમાંથી આઝાદી મેળવવા અને સમાજના પછાત – ગરીબ લોકોને રોજી રોટી મેળવવાના સાધન તરીકે ગાંધીજીએ ઉત્તમ રીતે ખાદીને રજૂ કરી હતી.



એક સમયે ખાદી પર નેશન હતું, આજે ખાદી પર ફેશન છે, તેવું કહી શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ દર મંગળવારે ખાદી પહેરવાનું નક્કી કર્યું હતું. જેની ફલશ્રૃતિ રૂપે રાજયના ખાદી વેપારમાં અંદાજે રૂ. ૩.૭૫ કરોડનું વેચાણ વધ્યું છે. ખાદીની માંગ વધતા તેનું ઉત્પાદન વધશે. તેનાથી ખાદીના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારની આજીવિકામાં પણ વધારો થશે. સરકાર દ્વારા તા. ૨૫મી સપ્ટેમ્બર પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતિ થી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ તા.૨ ઓકટોબર સુધી ખાદી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજયના સમગ્ર તાલુકામાં ખાદીની ખરીદી થઈ રહી છે. જયાં ખાદીના કેન્દ્રો ન હતા, ત્યાં કેવીઆઈસી દ્વારા ખાદીના હંગામી સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા છે.

ખાદી ખરીદીમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્મા, અગ્ર સચિવ શ્રી સુનયના તોમર, ડાયરેકટર ઓફ સ્કુલ શ્રી જે.ડી.દેસાઈ, ડાયરેકટર ઓફ પ્રાયમર એજયુકેશન શ્રી એમ.આઈ.જોષી, જીસીઆરટીના ડાયરેકટર શ્રી પી.એસ.જોષી, જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.એસ.બારડ સહિત મોટી સંખ્યામાં શિક્ષણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

## @ગાંધીનગર

● પૂર્બાશા કલ્ચરલ એસોસીએશન દ્વારા દૂર્ગોત્સવમાં સવારે ૧૦.૩૦ કલાકે દધિકર્મા, બપોરે ૨ થી ૪ સિંદુર ખેલા ૪.૦૦ કલાકે વિસર્જન જયારે ૭.૩૦ કલાકે શાંતિજલ અને વિજયા કાર્યક્રમ યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સે-૩ ન્યુ શિવ શકિત મંદિર પાસે યોજાશે.

● સે-૩-બી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ગબ્બર ચોક ખાતે બપોરે ૨ કલાકે આનંદનો ગરબો અને રાત્રે ૮.૩૦ કલાકે લોક ડાયરો યોજાશે.

● કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા વિજયા દશમીની ઉજવણી અને સરસ્વતી સન્માન સમારોહ બપોરે ૩ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે કરાશે.

● સે-૩૦ ઝુલેલાલ મંદિર ખાતે વિજયાદશમી નિમિત્તે સાંજે ૪.૦૦ કલાકે સાંઈબાબાની પાલખી નિકળશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સંસ્કાર ગ્રુપ દ્વારા દશેરાના પર્વ નિમિત્તે એસ.ટી.ડેપો ખાતે વાહનપૂજાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં એસટી બસોના ડ્રાયવર્સ અને કંડકટર્સને કંકુ તિલક કરી તેમનું મ્હોં મીઠું કરાવવા સાથે સુરક્ષિત સફરની કામના વ્યકત કરવામાં આવશે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રવિવારે તેજસ્વી તારલા સન્માનાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તા. ૧-૧૦-૨૦૧૭ રવિવારે ટાઉનહોલ ખાતે સવારના ૮ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ હોય તેમણે તેમના વાલી સાથે ટાઉનહોલ ખાતે સમયસર સવારે ૮.૦૦ કલાકે હાજર રહેવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## વીએચપી દ્વારા શસ્ત્રપૂજન યોજાશે

વિજયાદશમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર દ્વારા શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ આવતીકાલે તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે સે-૨૪ અંબાજી મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**જતીન ર ઓઝા**
**કાર્યપાલક ઈજનેર**
**પાટનગર યોજના વિભાગ**

**ગાંધીનગર ગમે**

સંપૂર્ણ સુવિધા, સ્વચ્છતા, સુઘડતા, સુંદરતા, એકંદરે શાંતિ, જુદી-જુદી સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓ - વૈવિધ્યસભરતાનું આકર્ષણ હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

વિવિધતામાં એકતા, સૌ હળીમળી તથા અનુરૂપ થઈને રહેવાની ઈચ્છા તથા ઓછા મળવા છતાં નજીકના હોવાનો અહેસાસ થાય એવાં નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ઘણી બધી સંસ્થાઓ દ્વારા ન્યૂનતમ દરે વિવિધ કાર્યક્રમોનો આસ્વાદ માણવા મળે છે.

**નગરને બહેતર બનાવવા**

સૌ સાથે મળીને પોતે જયાં હોય ત્યાંથી તેની મર્યાદામાં યોગદાન આપીએ અને ફરિયાદ કરતાં નિવારણને પ્રાધાન્ય આપીએ.

**નગર માટે હું કરી શકું**

સામાજિક, લોકોપયોગી કાર્યોમાં સહભાગી થવું, સ્વચ્છતા, શિક્ષણ, રાષ્ટ્રભાવનાની અગત્યની જરૂરિયાતને સૌ સુધી પહોંચાડવી વગેરે કાર્યો માટે મારી સહાય હું શહેરને આપી શકું છું.

# ઋતુસંધિકાળના દર્દીઓથી દવાખાના ઉભરાયા

**શરદી-તાવ, મોં આવવું, પેટની તકલીફો, માથાનો અને સાંધાના દુઃખાવા સહિત મેલેરિયાનો પણ વાવર**

ગાંધીનગર, તા.૨૯

નવરાત્રિના આરંભે વાતાવરણ સતત વરસાદના ઓથારભર્યું હતું અને જયારે હવે નવરાત્રિનું સમાપન થઈ રહ્યું છે ત્યારે વરસાદનો ભય તો દૂર થઈ ગયો છે પરંતુ સમગ્ર વાતાવરણમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ચોમાસાથી શિયાળાની ઋતુમાં પરિવર્તનના આ કાળને આયુર્વેદની ભાષામાં ઋતુસંધિકાળ કહે છે અને આ સમયમાં ઋતુસંધિકાળ જન્ય રોગોનું પ્રમાણ વધી જવા પામે છે. હાલ ગાંધીનગરમાં ઋતુસંધિકાળ જન્ય રોગો જેવા કે શરદી-સળેખમ, તાવ, માથાનો દુઃખાવો, ઉલ્ટી, ઉબકા, પેટની ગરબડ, એસીડીટી, હાથ પગ તુટવા, સાંધાના દુઃખાવા વગેરેએ નાગરિકોનો ભરડો લીધો છે.

શહેરમાં એક તરફ ગરબા રસિકો મોડી રાત્રિ સુધી રાસ ગરબાની રમઝટ જમાવે છે અને તે સાથે વિવિધ નાસ્તાની જયાફતો પણ માણે છે. એક તરફ ઉજાગરા, થાક અને દિવસભરનું કામ સાથે જંકફુડ અને ખોરાકની અનિયમિતતા જેને કારણે પેટ સંબંધી રોગો વધવા પામે છે. વળી, ઋતુસંધિકાળના કારણે દિવસે આકરો તડકો અન મોડી રાત્રિથી સવાર સુધી ઠંડી સહિતની આબોહવાની વિષમતા અનુભવાય છે જેવા કારણે શરીરને વાતાવરણ સાથે સંતુલન જાળવવું અઘરું પડી રહ્યું છે. આ કારણે તાવ, માથાનો દુઃખાવો, સાંધા તુટવા, હાથ પગ તુટવા જેવી તકલીફોનો નગરજનો ભોગ બની રહ્યા છે. બીજી તરફ વહેલી પરોઢની શીતળતા અને નવરાત્રિમાં સતત ધૂળિયા વાતાવરણમાં ફરવા કે ગરબા રમવાને કારણે એલર્જી, શરદી-સળેખમ, ગળામાં દુઃખાવો, અવાજ બેસી જવો જેવી બિમારીઓ નાગરિકોને પરેશાન કરી રહી છે. આ સાથે શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ પણ હોવાને કારણે મચ્છર જન્ય રોગો જેવા કે મેલેરિયા, ચિકનગુનિયા તથા તાવ વગેરેનો ભોગ નાગરિકો બની રહ્યા છે. ઋતુસંધિકાળના રોગોને કારણે હાલ શહેરમાં સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી દવાખાના પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.





નવરાત્રી એટલે યુવાધન, બાળકો અને મોટેરાંઓ સૌનો માનીતો ઉત્સવ. સૌ કોઈ ગરબે ઘુમી મા જગદંબાની આરાધના કરે છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે આવેલ રાધે રેસીડેન્સી ખાતે પણ નવરાત્રી મહોત્સવ ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો. ટ્રેડીશનલ ડે, જોડીદાર ડે, ઈન્ડો-વેસ્ટર્ન ડે, કલર કોડ જેવા વિવિધ થીમ રાખી નોરતાની ઉજવણી કરાઈ હતી અને જેમાં સૌ કોઈ મન મુકીને ગરબે ઘુમ્યા હતા.

# આજે આસુરી શકિત પર ધર્મના વિજયનો ઉત્સવ

**વિજય સાથે વણાયેલો તહેવાર હોઈ શસ્ત્રોનું પૂજન કરવાની પરંપરા છે, વર્ષાઋતુના વિદાયનો અને નવીન કાર્યોના પ્રારંભ પણ આ દિવસે કરાય છે**

ગાંધીનગર, તા.૨૯

જગત જનની જગદંબાના મંગલ પર્વ નવરાત્રીના સમાપન પછી આજે દશેરાની ઉજવણી દેશભરમાં કરવામાં આવશે. ભગવાન શ્રી રામે આદ્યશકિત પાસેથી વરદાન મેળવી અસુરી શકિતના માલિક એવા રાવણનો આ દિવસે સંહાર કર્યો હતો જેથી ધર્મના વિજયનો તહેવાર પણ મનાય છે. દશેરા એ ઘરમાં કે અન્ય સ્થળોએ રાખવામાં આવેલા શસ્ત્ર, વાહન, મશીનરીની પૂજા કરવાની પ્રથા છે. અસત્ય ઉપર સત્યના વિજયને મનુષ્યમાં રહેલા દસ દૂષણો રાવણરૂપી દુર કરી મીઠાઈ કે વાનગી થકી મોં મીઠું કરી ઉજવણી કરાય છે.

દશેરા એ વર્ષની ખૂબ જ શુભતિથિઓમાંની એક ગણાય છે. નવરાત્રી પર્વના સમાપન પછી વિજયા દશમીએ નવીન કાર્યના શુભારંભ માટે શ્રેષ્ઠ મનાય છે અને વર્ષાઋતુના વિદાયનો દિવસ પણ ગણાય છે. આ દિવસે દેશભરમાં અનેક સ્થળોએ રાવણ દહનના કાર્યક્રમો પણ યોજાય છે. રામની વિરતા એ રાવણના અહંકારનો નાશ



કર્યો હતો તેથી જ ભારતીય સંસ્કૃતિમાં વિરતાની પૂજા થાય છે.

દશેરાના દિવસે રામનું પૂજન કરી ઘરના કે ધંધા રોજગારના સ્થળોએ દરવાજે ફુલ આસોપાલવના તોરણ બંધાય છે અને આ દિવસે દશ પ્રકારના પાપોનો ત્યાગ અથવા તેના ઉપર વિજય મેળવવાની પ્રેરણા આપે છે. જેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, આળસ, હિંસા અને ચોરીનો સમાવેશ થાય છે. ભગવાન શ્રી રામે અહંકારી અસુરી શકિત ઉપર વિજય મેળવી ધર્મની ધજા ફરકાવી લોભ-લાલચ અને દૂરાચાર પ્રવૃત્તિઓ છોડી ક્ષમાભાવના કેળવવાનો શ્રેષ્ઠ સંદેશો જગતને આપ્યો છે. જેથી આ દિવસે રામ-લક્ષ્મણ અને સીતા સાથે હનુમાનજીની પણ પૂજા થાય છે. વિશ્વમાં જયારે જયારે અંધકારનું સામ્રાજય છવાશે ત્યારે ત્યારે પ્રકાશ પૂંજ ભગવાન ધરતી ઉપર અવતાર લઈ ધર્મના વિજયની પતાકા લહેરાવતા જ રહેશે તેવો આશય દશેરાથી વ્યકત થાય છે. આ દિવસે ફાફડા-જલેબીનું મહત્વ વધી ગયું છે. અને લોકો મીઠાઈમાં જલેબીને પ્રાધાન્ય આપી કળીયુગમાં આ ધાર્મિક તહેવાર થકી બોધપાઠ લઈ રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. કિંજલબેન ભાવેશભાઈ પટેલ, ઉ.વ. ૨૬
- સ્વ. રંગુસિંહ આતુસિંહ રાઠોડ, ઉ.વ. ૫૦
- સ્વ. અનંતભાઈ વિનોદરાય દેસાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. પંકજકુમાર શંકરલાલ પંડયા, ઉ.વ. ૭૦
- સ્વ. રમીલાબેન પ્રતાપભાઈ સોલંકી, ઉ.વ. ૫૦
- સ્વ. ઉદાજી મગનજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૯૫
- સ્વ. હિંમતભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ. ૫૮